અમદાવાદમાં એક બાજુ સંરક્ષણમંત્રી બેઠા હતા, બીજી બાજુ એકે-૪૭માંથી ગોળીઓ વરસતી હતી

અમદાવાદ, અમદાવાદ અને ગાંધીનગરમાં ડિફેન્સ એક્સપોની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે સાંજે અમદાવાદના રિવરફ્રન્ટ પર સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે સેનાની ત્રણેય પાંખો દ્વારા કરવામાં આવતાં કરતબો નિહાળ્યા હતા. રિવરફ્રન્ટ પર એક તરફ રાજનાથ સિંહ બેઠા હતા તો બીજી તરફ સૈન્યના જવાનો છદ્ધ-૪૭માંથી ગોળીઓ વરસાવી રહ્યા હતા. આ દ્રશ્યો જોઈને ત્યાં ઊભેલા લોકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. રિવરફ્રન્ટ પર યોજાયેલા ડિફેન્સ એક્સપોના ઉદ્ઘાટન બાદ હવે રિયલ એક્શન જોવા મળી રહી છે. અમદાવાદ રિવરફ્રન્ટ પર સાંજના સાડાપાંચ વાગ્યાના અરસામાં રાજપથાલ તેમજ દેશના સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ સાબરમતી રિવરફ્રન્ટ પર ડિફેન્સ એક્સપો જોવા માટે પહોંચ્યા હતા. રાજનાથ સિંહ સેનાના જવાનોનાં કરતબો નિહાળી રહ્યા હતા, ત્યારે જ અચાનક સૈનિકોએ બનાવેલી ચોકીમાં કોઈ ઘૂસી ગયું હોય તેમ લાગતાં સૈન્યના જવાનોએ છદ્ધ-૪૭થી સજ્જ થઈને આ ચોકી પર ધાણી ફૂટ ફાયરિંગ કર્યું હતું. એક પછી એક ફાયરિંગના અવાજે લોકોને પણ ચોંકાવી દીધા હતા. થોડા સમયમાં આ ચોકીમાં સ્મેક બોમ્બ નાખવામાં આવ્યો. એ નાખતાં જ દુશ્મનો ઢળી પડ્યા હતા. ભારતની સરહદ પર દેશના જવાનો દુશ્મનોને મારવા જે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છે એ જ ટેકનોલોજી અમદાવાદ શહેરમાં ઉપયોગ કરાઈ રહી છે. આ વખતે યોજાયેલા ડિફેન્સ એક્સપોમાં ડિફેન્સના જવાનો જેવી રીતે સરહદ પર દુશ્મનોનો સામનો કરે છે એવું જ આબેહૂબ દ્રશ્ય અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે કર્યું હતું. એક સમયે તો એવું જ લાગ્યું હતું કે જે બની રહ્યું છે એ ખૂબ જ ખતરનાક છે અને દેશના જવાનો આ પરિસ્થિતિનો સામનો રોજ કરે છે. ત્યારે આ જવાનો ખરેખર સન્માનને પાત્ર છે. દેશના જવાનો કઈ સ્થિતિમાં જીવના જોખમ ઉઠાવીને કામ કરી રહ્યા છે. એ જોઈને લોકોએ ચિચિયારી પાડી હતી. ખરેખર તો આ પ્રદર્શન હતું, તો એની વાસ્તવિકતા કેટલી ખતરનાક હશે. જવાનોનાં કરતબો જોઈને ત્યાં હાજર તમામ લોકો જવાનોને સેલ્યૂટ કરી રહ્યા હતા. સારંગ હેલિકોપ્ટર મોરના પંખ સાથે ડિઝાઈન કરેલાં સારંગ હેલિકોપ્ટર આખા ડિફેન્સ એક્સપોની શાન બની રહ્યાં હતાં. હેલિકોપ્ટર દ્વારા એક-એક પલ દિલ ધડક કરતબોને કારણે લોકો ભૂમો પાડી રહ્યા હતા. એક સમયે એક ફૂટના અંતરેથી હેલિકોપ્ટર પસાર થયા હતા, ત્યારે લોકો અવાક બની ગયા હતા અને આ દ્રશ્ય જોઈને લોકો સેનાના શૌર્યને સલામ કરી રહ્યા હતા. ભારતમાં નેવીમાં આ બોટ લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું, કારણ કે આ બોટ કોઈ ચલાવી રહ્યું નહોતું, કારણ કે એને રિમોટ કંટ્રોલથી અપડેટ કરવામાં આવતું હતું અને એના પર સીસીટીવી કેમેરા હતા. તેણે દુશ્મનના વિસ્તારમાં જઈને કોઈપણ વ્યક્તિને રેસ્કયૂ કરવા તેમજ ઓટોમેટિક ફાયર કરવાના સાધનો દ્રશ્યો રજૂ કર્યા હતા. ભારતીય નૌસેનામાં આ બોટ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે અને એ અમદાવાદના રિવરફ્રન્ટમાં તરતી જોવા મળી હતી. રિવરફ્રન્ટ એક્સપો ૨૦૨૨માં નદીમાં ગોઠવાયેલા દુશ્મનોને ભારતીય જવાનના હાથે નાબૂદ કરવામાં આવ્યા હતા. એ સમગ્ર ઘટના લોકો જીવનભર ભૂલી ના શકે એવી હતી. નદીની વચ્ચોવચ એક ડ્રોમ બનાવવામાં આવ્યો હતો અને એમાં દુશ્મનોની ઓઈલ રિંગની પ્રતિકૃતિ બનાવવામાં આવી હતી. એમાં ભારતીય જવાનો પહોંચ્યા હતા. જેમણે રિંગ પર એક્સપ્લોઝિવ ગોઠવ્યા હતા. એકદમ સન્નાટો હતો અને આ સન્નાટાની વચ્ચે જ કાનના પડદા હલાવી દે તેવો ભ્લાસ્ટ થયો હતો, જેણે જમીન અને પાણીમાં ધ્રુજારી ફેલાવી દીધી હતી.

હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામેલી દીકરીઓને તથા અન્યને મોરારિબાપુએ અર્પણ કરી શ્રદ્ધાંજલિ

ભાવનગર, કેદારનાથ ધામ ખાતે એક હેલિકોપ્ટર દુર્ઘટના થઈ હતી તેમાં સાત પ્રવાસીઓનાં મૃત્યુ થયા હતા. આ અત્યંત કરુણ ઘટનામાં ભાવનગર જિલ્લાની ત્રણ દીકરીઓએ પણ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. ત્રણે મૃત્યુ પામેલ દીકરીઓ પ્રત્યે મોરારિબાપુએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી શ્રી હનુમાનજીની સાંત્વના રૂપે પ્રત્યેક મૃતક દીકરીના પરિવારજનોને રુપીયા પાંચ-પાંચ હજાર ની સહાયતા રાશિ પ્રેષિત કરેલ છે.

નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના બે વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક ખેતીમાં યોગદાન બદલ ઉજ્જૈનમાં એવોર્ડ

નવસારી, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ગામડાનાં છેવાડાનાં ખેડૂત સમાજ સુધી અદ્યતન–નવીનતમ કૃષિ તાંત્રિકી પહોંચાડવાનું કાર્ય કરી રહ્યાં છે તેમજ ખેડૂતો સાથે સીધા સંપર્કમાં રહી ખેડૂતોને કૃષિ તાંત્રિકીઓથી પરિચિત અને જાગૃત કરવામાં દેશનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રોનું યોગદાન સરાહનીય રહ્યું છે ત્યારે નવસારી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પણ આ બાબતની કામગીરીમાં ઘણું પ્રસંશનીય કામગીરી કર્યું છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ફરજ બજાવતા વૈજ્ઞાનિકોનાં જ્ઞાનવર્ધન અને અપડેશન માટે નેશનલ લેવલનો ૩ દિવસીય સેમીનાર દરમિયાન ઉજ્જૈનમાં યોજાયો છે. આ કોન્ફરન્સમાં પ્રથમ દિવસે ઉદઘાટન કાર્યક્રમમાં નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના બે વૈજ્ઞાનિકો ડો. કિંજલ એ. શાહ, વૈજ્ઞાનિક ને મૈજ્ઞ ઈટીહજૈંહ જીજ્ઈહૈંજ છુઠ્ઠિ અને ડો. રશિમકાંત ગુર્જર, વૈજ્ઞાનિકને ફૈંહ્ય જીજ્ઈહૈંજ છુઠ્ઠિ તેઓને જિલ્લામાં કિચન ગાર્ડનિંગ, ડાંગરની અદ્યતન જાતોમાં ઘનિષ્ઠ નિદર્શન, જિલ્લામાં નવો કોપ ઓફ હોપ કમલમ ફુટનાં નિદર્શનો અને પ્રાકૃતિક ખેતીનાં પ્રચાર અને પ્રસાર માટે તેઓએ કરેલી પ્રસંશનીય કામગીરી બદલ તેઓને ત્રીજી ભારતીય કૃષિમાં પ્રાકૃતિક, સેન્દ્રિય અને રાસાયણિક ખેતીની વર્તમાન પરિસ્થિતિ પર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ઉજ્જૈન દ્વારા યોજાયેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો માટેનાં સેમીનારમાં એવોર્ડ એનાયત થયા હતા. જે બદલ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.એમ. ચૌહાણે બન્ને વૈજ્ઞાનિકોનાં કાર્યની સરાહના કરી તેઓએ અભિનંદન સહ શુભકામના પાઠવી છે.

૧૯૭૭માં કડી પાલિકાનો સભ્ય હતો ત્યારથી રાજકારણમાં કોઈનું કોઈ વચ્ચે આવતું જ રહ્યું છે : નીતિન પટેલ

કડી, ૧૯૭૭માં કડી નગરપાલિકાનો સભ્ય હતો તે વખતથી રાજકારણમાં કોઈનું કોઈ વચ્ચે આવતું જ રહ્યું છે. તે વખતે મતદાન યાદીમાંથી મારું નામ રદ કરવાના પણ પ્રયાસો થયા હતા. તેમ છતાં ચૂંટણી જીત્યો જેનો શ્રેય શેઠ ડાહ્યાભાઈ પટેલ સહિતના મારા સાથી મિત્રો અને વડીલોને જાય છે. અમે રાત્રે ઘરે ઘરે ફરીને મતદારોને મળતા. ૧૯૯૦માં ધારાસભ્ય થયા બાદ ૧૯૯૫માં કેશુભાઈની સરકારમાં સૌપ્રથમ વખત મારો મંત્રીમંડળમાં સમાવેશ થયો. નવનિર્માણ આંદોલનથી રાજકીય સંઘર્ષો કરતા આવ્યા છીએ તેમ કડીમાં પાલિકાના રૂ.૩૭ કરોડના વિકાસ કામોના લોકાર્પણ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું. આ નિવેદન રાજકીય આગેવાનોમાં ચર્ચાસ્પદ બન્યું હતું. કડી શહેરમાં રૂ.૬ કરોડમાં બનેલ શોપિંગ સેન્ટર, રૂ.૧૫ કરોડમાં બનેલ સિવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૂ.૪.૨૦ કરોડમાં બનેલ ભુગર્ભ ગટર સહિત રૂ.૩૭ કરોડના ખર્ચના ૧૭કામોનું લોકાર્પણ અને રૂ.૫ કરોડના ખર્ચે થનાર વિકાસ કામોનું ખાતમુહૂર્ત નીતિનભાઈ પટેલ સહિત અગ્રણીઓના હસ્તે કરાયા હતા. આ પ્રસંગે નીતીનભાઈએ શહેરમાં અગાઉ સ્વ.માણેકલાલ પટેલ (ડોળવાલીકાર) માર્ગનું નામકરણ કરાયા બાદ કરણનગર રોડથી થોળ રોડને જોડતા માર્ગનું શેઠશ્રી સ્વ.ડાહ્યાભાઈ પટેલ માર્ગ નામકરણ કરાયું હતું. સ્વ. ડાહ્યાભાઈ પટેલ અને દિલીપભાઈ પટેલ પરિવારના દાન થકી શહેરમાં આરોગ્ય, શિક્ષણ સહિતની સંસ્થાઓ ધમધમી રહી છે. જેના માટે શહેરીજનો હંમેશા તેમના ઋણી રહેશે. ઉપોગપતિ દિલીપભાઈ પટેલ (રાજા ઈન્ડસ્ટ્રીઝ) ૨૦૧૬માં મારા મોટાભાઈ સ્વ.ડાહ્યાભાઈ પટેલે મને જે સેવાના કામો કરું છું તે તારે કરવાના છે તેટલું કહેતાં દિલીપભાઈ ભાવુક થઈ ગયા હતા. તેમ છતાં ચૂંટણી જીત્યો જેનો શ્રેય શેઠ ડાહ્યાભાઈ પટેલ સહિતના મારા સાથી મિત્રો અને વડીલોને જાય છે. અમે રાત્રે ઘરે ઘરે ફરીને મતદારોને મળતા.

તલાલામાં રેશનિંગનું અનાજ બારોબાર વેચવાનું કૌભાંડ ઝડપાયું, ૪ લાખથી વધુનો જથ્થો જપ્ત

ગીર સોમનાથ, તાલાલા ગીર તાલુકાના ગરીબ પરિવાર અને સરકાર માન્ય દુકાનેથી રેશનીંગનો કાર્ડ ઉપર આપવાના ચોખા અને ઘઉંનો જંગી જથ્થો ચિત્રાવડ ગીર ગામે એકત્ર થયો હોવાની અને આ જથ્થો ત્યાંથી બારોબાર સગેવગે થવાની બાતમી એલસીબીના નરેન્દ્ર કછોટને મળેલ હતી. જેના આધારે એલસીબી સ્ટાફએ બાતમીવાળા સ્થળે દરોડો પાડયો હતો. એલ.સી.બી.ના પીઆઈ એ.એસ.ચાવડાએ આપેલ વિગત પ્રમાણે દરોડાની તપાસ દરમિયાન ચિત્રાવડ ગીર ગામે નવા પ્લોટ વિસ્તારમાં રહેતા કાસમ ખમીસા ભાઈના ઘરના ફળિયામાંથી તથા બાજુમાં રહેતા ગાલીફ હાજી ભ્લોયના ઢાળિયાના ગોડાઉન માંથી ૪૫૦ બાચકા ચોખા તથા ૭૩ ગુણી ઘઉં કુલ ૨૦૪૫૦ કિલો અનાજનો ખાદ્ય પુરવઠો કબજો કર્યો હતો. આ ઉપરાંત વજન કાંટો એક, ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૪ લાખ ૬૩ હજાર ૮૦૦ નો મુદ્દામાલ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી ૧૦૨ મુજબ કબ્જે કર્યો છે. પકડાયેલ ચોખા અને ઘઉંનો જથ્થા ક્યાંથી લઈ આવેલ તેના બિલ તથા આધાર પુરાવા માંગતા સંતોષકારક જવાબો આપેલ નહીં પરંતુ આ માલ અયુબ હુસેન ખાનાણી ઉ.વ.૪૪ રહે.વિઠલપુર તા.તાલાલા ગીર, કાસમ દાઉદ ચોટલીયા ઉ.વ.૬૦ રે.મોણીયા, તા.વિસાવદર, આસિફ જુકર કાળવાતર ઉ.વ.૩૨ રે.મોણીયા, તા.વિસાવદર વાળાએ એકત્ર કર્યા હોવાનું જણાવેલ હતુ. એલસીબીના દરોડા દરમિયાન બનાવના સ્થળે એક ટ્રક, એક બોલેરો ગાડી, સાત છકડો રીક્ષા કુલ નવ વાહનો ખાલી હાલતમાં મળી આવેલ હતા. એલ.સી.બી બ્રાન્ચે તમામ વાહનોની વિગતો એકત્ર કરી પકડાયેલ ઘઉં,ચોખા ના જથ્થા સાથે ઉપરોક્ત ત્રણેય શખશોની કુલ રૂ.૪ લાખ ૬૩ હજાર ૮૦૦ ના મુદ્દામાલ સાથે સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ ધરપકડ કરી આગળની કાર્યવાહી કરવા તાલાલા પોલીસે કાગળો સુપ્રત કર્યાનું જણાવ્યું છે. તાલાલા પંથકમાં રમળોચી ગીર ગામેથી થોડા સમય પહેલા પણ ગરીબ પરિવારોને કુપન ઉપર આપવાના ઘઉં-ચોખાનો જથ્થો પકડાયા બાદ ચિત્રાવડ ગીર ગામે કુપનના માલનો જંગી જથ્થો પકડાતા તાલાલા પંથકમાં ભારે ચકચાર ફેલાયેલ છે. તાલાલા તાલુકાના ચિત્રાવડ ગીર ગામેથી કુપન ઉપર ગરીબ પરિવારોને આપવાના માલનો પકડાયેલ જંગી જથ્થાના આરોપીઓ પૈકી અયુબ હુસેન ખાનાણી ઉ.વ.૪૪ ભાજપ અગ્રણી હોવાનું ખુલ્યું છે. અયુબ ખાનાણી અગાઉ તાલાલા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપની ટિકિટ ઉપરથી ચૂંટાયો હતો. હાલ ભાજપ લઘુમતી મોરચામાં ઉપપ્રમુખની જવાબદારી સંભાળે છે. ગરીબોને આપવાના કુપનના માલના કાળા બજાર કરવાની કથિત પ્રવૃત્તિમાં ભાજપ અગ્રણી ની એલ.સી.બી.એ પોલીસે અટક કરી હોવાના સમાચારથી તાલાલા પંથકમાં ખળભળાટ મચી ગયો છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ખેડબ્રહ્મા કેમ્પસમાં ઓર્ગેનિક ફાર્મિંગ સેન્ટરનું ભૂમિપૂજન

પાટણ, પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી હસ્તકના ખેડબ્રહ્મા કેમ્પસ ખાતે અંદાજીત પાંચ કરોડ ઉપરાંતના ખર્ચે નિર્માણ થનાર ઓર્ગેનિક ફાર્મિંગ સેન્ટરનું કુલપતિ ડો. જે.જે.વોરાના હસ્તે સોમવારે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીને મળેલા રૂ. ૪.૭૨ કરોડની ગ્રાન્ટમાંથી કેમ્પસની ફરતે કમ્પાઉન્ડ વોલની કામગીરી પૂર્ણ કરવામાં આવેલી છે તેમજ યુનિવર્સિટી સંલગ્ન સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીલક્ષી બાબતોની સરળતાના હેતુસર સ્ટુડન્ટ ફેસીલીટી સેન્ટરની કામગીરી પ.૬૦,૭૮,૨૮૧ના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે. અત્યારે હાલના તબકકે યુનિવર્સિટી દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓની જરૂરિયાત અનુસંધાને નો અભ્યાસક્રમ ચાલું કરવામાં આવ્યો છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને રાજ્ય સરકાર દ્વારા ઓર્ગેનીક ફાર્મિંગ સેન્ટરના નવીન બિલ્ડીંગની કામગીરી માટે ૬,૫૪, ૪૦, ૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. ઓર્ગેનીક ફાર્મિંગ સેન્ટરના નવીન બિલ્ડીંગમાં ભવિષ્યમાં યુનિવર્સિટી દ્વારા ઓર્ગેનીક ને લગતા માસ્ટર ડીગ્રી તેમજ પી.એચડી. સુધીના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યાં છે.

હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ પામેલી દીકરીઓને તથા અન્યને મોરારિબાપુએ અર્પણ કરી શ્રદ્ધાંજલિ

ભાવનગર, કેદારનાથ ધામ ખાતે એક હેલિકોપ્ટર દુર્ઘટના થઈ હતી તેમાં સાત પ્રવાસીઓનાં મૃત્યુ થયા હતા. આ અત્યંત કરુણ ઘટનામાં ભાવનગર જિલ્લાની ત્રણ દીકરીઓએ પણ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. ત્રણે મૃત્યુ પામેલ દીકરીઓ પ્રત્યે મોરારિબાપુએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી શ્રી હનુમાનજીની સાંત્વના રૂપે પ્રત્યેક મૃતક દીકરીના પરિવારજનોને રુપીયા પાંચ-પાંચ હજાર ની સહાયતા રાશિ પ્રેષિત કરેલ છે.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank

બ્રાન્ચ ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ,રોડનં ૧ પ્લોટ નં- બી ૩ વાઈકાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલએસ્ટેટ, થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

આથી

સિક્યુરાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ ઍન્ડ ઇનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ ઍક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ ઇન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારોનું નામ/ લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત/ ભૌતિક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ/ ડિમાંડ નોટીસની રકમ	શાખાનું નામ
૧.	જયશ્રી રાજેન્દ્રભાઈ બલદેવ/ રાજેન્ દિલીપભાઈ બલદેવ/ **LBRAJ00004873468**	ફ્લેટ નં. ૯૦૨, વિન્ગ-સી/૩, ટ્વો માળ, ટ્રીમ સિટી, હાઈ- સઈઝ, પ્લોટ નં. ૧, ક્રાટકોલ પાર્ક પાલજા, અલાપ્પા ગ્રીન સિટી, મીજે -રેચા, આરએસ નં. ૨૨૮, રાજકોટ- ગુજરાત, રાજકોટ- ૩૬૦૦૦૧/ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૨.	૨૩ જૂન, ૨૦૨૧ રૂા. ૩૫,૨૮,૩૨૫.૦૦/-	ગુજરાત
૨.	વનિતા જગદીશ તાલિવિયાણી/જય જગદીશ તાલિવિયાણી/ **LBRAJ00004216625**	બંગલોઝ નં. એમ, ૧ લો માળ, રત્નમ રેસીડેન્સી, રતનપાર પહેલા, ગલ- પ્લોટ નં. ૧૫ થી ૨૨/૫, મોરબી હાઈ-વે, આરએસ નં. ૨૨૦ પૈકી ૧, રાજકોટ- ૩૬૦૦૦૧/ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૨.	૨૭ નવેમ્બર, ૨૦૧૯ રૂા. ૧૪,૭૪,૫૨૦.૦૦/-	ગુજરાત
૩.	ભરતભાઈ અમ્બેસિંગભાઈ ભાટી/ જોષ્ના ભરતભાઈ ભાટી/ **LBRAJ00004270612/ LBRAJ00004270620**	પ્લોટ નં. ૬૩ પૈકી સેક્ટ સાઈડ, ગોવિન્દ ગ્રીન સિટી, દિવ્યજ્યોત સ્કુલ પાસે, સ્ટેટહાઈ રોડ, આર.એસ. નં.૨૦૦/૧ પૈકી, રાજકોટ- ગુજરાત. રાજકોટ- ૩૬૦૦૦૫/ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૨.	૦૬ ઓક્ટોબર, ૨૦૧૮ રૂા. ૩૨,૪૩,૫૪૨.૦૦/-	ગુજરાત
૪.	શ્યામ હેમંતભાઈ રાજાણી/મધરસીબેન હેમંતભાઈ રાજાણી/કરિશ્મા અશ્વિનકુમાર ચાંપી- **LBRAJ00004242283**	પ્લોટ નં. ૧ થી ૧ ૩, શ્રી ગુરૂદેવ પાર્ક-૨, બીએલ નં.૧૬ બી, કાટક પહેલા, મોરબી રોડ, આર.એસ. નં. ૫૯, પૈકી ૧૧, સીએસ ડબ્લુ. ૧૩/૨, સી.એસ. નં. ૩૬૦૬/કે/૧/૧૬ પૈકી, ટીપીએસ નં. ૧૭, ઓપી ૨૦/૨ અને એફપી નં. ૪૦/૨, પ્લોટ પૈકી પ્લોટ નં ૧ થી ૧ ૩, પૈકી ગલ પ્લોટ નં. ૧ થી ૧૩/૧૬ વાર્ડ નં. ૫, રાજકોટ, ગુજરાત- ૩૬૦૦૦૧/ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૨.	૦૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ રૂા. ૩૨,૪૩,૫૪૨.૦૦/-	ગુજરાત
૫.	વિજયકુમાર ચીરજલાલ વડિયા/ મીનાબેન વિજયકુમાર વડિયા- **LBRAJ00002024332**	ફ્લેટ નં. ૧૦૨, ૧ લો માળ, રીગલ બિલ્ડિંગ, ફેવલમ કિંગડમ, સ્વામિનારાયણ મંદિર, ચોથી સોસાયટી પાસે , જામનગર રોડ,માધાપર, આર.એસ. નં. ૧૧ ૧ પૈકી ૧૫ ૧, માધાપર, પ્લોટ નં. -૧, રાજકોટ ૩૬૦૦૦૧/૧૮ ઓક્ટોબર, ૨૦૨૨	૩૦ મે, ૨૦૨૧ રૂા. ૩૩,૫૫,૪૩૮.૦૦/-	ગુજરાત

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો) અહી આપી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૧ ઓક્ટોબર, ૨૦૨૨
સ્થળ : ગુજરાત

ઓથોરાઈઝ્ડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

અમદાવાદમાં બીઆરટીએસ બસના ડ્રાઈવરો હડતાળ પર ઉતર્યા, ૨ પથી ૩૦ જેટલી બસો રહી બંધ

અમદાવાદ, અમદાવાદ જનમાર્ગ લિમિટેડ સંચાલિત બીઆરટીએસ બસના ડ્રાઈવરો આજે સવારથી હડતાળ પર ઉતરી ગયા હતા. ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટર બેઝ ડ્રાઈવરોની બોનસ અને પગાર વધારાની માંગણીને લઈ હડતાળ પર ઉતરી જતા સવારે પૂર્વ વિસ્તારમાં બસ સેવાને આંશિક અસર થઈ હતી. ૫૦ જેટલા ડ્રાઈવરો હડતાળ પર ઉતરી જતાં અમદાવાદ જનમાર્ગ લિમિટેડ દ્વારા કોન્ટ્રાક્ટ કંપનીને તાકાલિક અન્ય ડ્રાઈવરો મૂકી બસ શરૂ કરવા જાણ કરવામાં આવી છે. અમદાવાદ જન્મમાર્ગ લિમિટેડના જનરલ મેનેજર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર વિશાલ ખનામાં એ જણાવ્યું કે બીઆરટીએસ બસના છ ખાનગી કંપનીના ઓપરેટરો પૈકી એક કંપનીના ડ્રાઈવરો સવારે બોનસ અને પગાર વધારાની માંગણી સાથે હડતાલ પર ઉતર્યા હતા. જેના કારણે ૨૫ થી ૩૦ જેટલી બસો બંધ રહી હતી. કંપની અને કર્મચારીઓ વચ્ચેનો આ મામલો છે. અમદાવાદ જનમાર્ગ લિમિટેડને આ બાબતે કોઈ લેવાદેવા નથી. બસ સેવા પર અસર પડવાના કારણે ખાનગી કંપનીના કોન્ટ્રાક્ટરને આ બાબતે જાણ કરી દેવામાં આવી છે અને અન્ય ડ્રાઈવરો મૂકી બસ સેવાને ફરીથી શરૂ કરવા જણાવી દેવામાં આવ્યું છે. હડતાલના કારણે બીઆરટીએસ બસ સેવા પર કોઈ મોટી અસર પડી નથી. આ અંગે મળતી માહિતી મુજબ બીઆરટીએસ બસના ખાનગી કોન્ટ્રાક્ટર જેબીએમ ઈલેક્ટ્રીક બસના ૫૦થી વધુ ડ્રાઈવરો સવારે હડતાલ પર ઉતરી ગયા હતા. ડ્રાઈવરોની માંગણી હતી કે તેમને કંપની દ્વારા જે પગાર અને બોનસ આપવામાં આવે છે તેમાં વધારો આપવામાં આવે. આ માંગણીના પગલે સવારથી પૂર્વ વિસ્તાર ડેપો પરથી ૩૦ થી ૪૦ બસો બહાર નીકળી ન હતી. જેના કારણે બીઆરટીએસ બસ સેવા પર આંશિક અસર પડી હતી.

વડાપ્રધાન મોદીએ કહ્યું - 'શિક્ષણ ક્ષેત્રે કંઈક અલગ કરવું એ ગુજરાતના ડીએનએમાં છે

ગાંધીનગર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે છે. ચૂંટણીના વર્ષમાં પીએમ મોદી આ મહિનામાં ગુજરાતની આ બીજી મુલાકાતે આવ્યા છે. આ બે દિવસમાં પીએમ નરેન્દ્ર મોદી ગુજરાતને ૧૫ હજાર કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી દિવાળી પહેલાં જનતાને ભેટ આપશે. વડાપ્રધાને ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ડિફેન્સ એક્સપો-૨૨નું ઉદ્ઘાટન કર્યું છે. જ્યાંથી અડાલજ જઈ મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનું ઉદ્ઘાટન કર્યું છે. હવે વડાપ્રધાન જૂનાગઢ જઈ વિવિધ વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કરશે. મહાત્મા મંદિરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાતને યજ્ઞમાન બનાવવા બદલ વડાપ્રધાન અને રક્ષામંત્રીનો આભાર. ડિફેન્સક્ષેત્રમાં પ્રશિક્ષણ આપનારું ગુજરાત પહેલું રાજ્ય છે. રક્ષાશક્તિ યુનિવર્સિટીથી યુવાનોને એક નવી દિશા મળી છે. કોરેન્સિકક્ષેત્રમાં રિસર્ચ માટેનું સેન્ટર પણ કાર્યરત થયું છે. ડિફેન્સ એક્સપો-૨૨નું પીએમ મોદીએ પ્રોત્સાહિત કર્યું છે. એરો સ્પેસ માટે ગુજરાતના ઘણા એમએસએમઈ કામ કરી રહ્યા છીએ. ગુજરાત સંવેદનશીલ રાજ્ય છે, ત્યારે ૯૩૫ કરોડના ખર્ચે ડીસામાં એરફિલ્ડનું પીએમ મોદી ભૂમિ પૂજન કરશે. એર સ્પેસ અને ડિફેન્સ ઉત્પાદન માટે ગુજરાતે પહેલ કરી છે. ડિફેન્સ પોલિસી બનાવનારું ગુજરાત પહેલું રાજ્ય છે. ગાંધીનગરમાં એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સપોની શરૂઆત થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોની હાજરીમાં આજે ડિફેન્સ એક્સપોનું લોકાર્પણ કરાયું છે. સાંજે પછી હોટલ લીલા પાસે ભવ્ય ડ્રોન શો યોજાશે, જેમાં ૧૨૦૦થી વધુ ડ્રોનની અવનવી આકૃતિઓ તૈયાર કરશે, જેમાં ભારતના નકશા સહિતની આકૃતિઓ તૈયાર કરાશે. લોકો ૨૨ સુધી એક્સપો નિહાળી શકશે. મહાત્મા મંદિર જતા એક્ઝિબિશન સેન્ટર ખાતે ડિફેન્સ એક્સપોના કાર્યક્રમો છે. ત્યારે મહાનુભાવોને વધુ ચાલવું ન પડે એ માટે ૧૦૦ જેટલી ગોલ્ફકાર્ટ લવાઈ છે, જેમાં અંદાજે ૩